## ખૂણેખાંચરેથી

- પોષણ અભિયાન અંતર્ગત હવે જિલ્લા તાલુકા અને ઘટક કક્ષાએ ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવશે.
- નારદીપુર તા. કલોલ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડૉ. બ્રિજેશ પટેલે સ્વૈચ્છીક રાજીનામુ આપતાં જિલ્લા આરોગ્યતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.
- જિલ્લા જમીન તકેદારી સમિતિની આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી.
- રાજ્યમાં વધુ એક વખત જંત્રીના દરમાં વધારો કરવા માટેનો મહેસુલ વિભાગમાં તખ્તો તૈયાર થઈ ગયો છે. આ વિધાનસભા સત્ર દરમ્યાન જાહેરાત થવાની સંભાવના છે.
- જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. પ્રજાપતિ આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- સંયુક્ત માહિતી નિયામક તરીકે ફરજો બજાવતા મહેશ રાણા પણ આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતા માહિતી પરિવારે તેમને નિવૃત્ત જીવન માટે શુભકામના પાઠવી ભાવભીની વિદાય આપી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




કોણ કહે છે ગુજરાતમાં કુપોષણ છે...?... મને જોઈ લો કે ગુજરાતની કોઈ મહિલાને....!!

## વાત-વાતમાં.....

- શહેરના માર્ગો પર સ્ટ્રીટલાઈટો ખોટકાઈ જવાની સમસ્યા અટકવાનુ નામ લેતી નથી. શહેરના રોડ નં. ૩ પર ગ-૩ સર્કલથી ખ-૩ સર્કલ સુધીના વિસ્તારમાં વારંવાર એક સાથે મોટી સંખ્યામાં સ્ટ્રીટલાઈટની એલઈડી લાઈટો ડૂલ થઈ જવાની સ્થિતિ સર્જાય છે જે આ માર્ગ પરના વાહન ચાલકોથી માંડીને રાહદારીઓ માટે પરેશાનીરૂપ બનવા પામે છે.
- શહેરના વાતાવરણમાં બેદિવસથી ફેરફારો જોવા મળે છે. આજે સવારે આકાશમાં વાદળ જણાતા હતા તો બીજી તરફ બપોરે ગરમીનો પારો ઉંચકાયાનો અનુભવ થયો હતો.
- શહેરમાં ધો. ૧૦ અને ૧૨ના બોર્ડના પરીક્ષાર્થીઓને ''બેસ્ટ ઓફ લક'' કહેવાની જાણે સીઝન ચાલી રહી છે. પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવાનો આ શિરસ્તો ક્યારેક તેમના માટે છેલ્લી ઘડીની તૈયારીઓમાં વિક્ષેપરૂપ બની રહ્યો છે.

# ખોરજ દાગીના ચોરી કેસમાં એક મહિલાની અટકાયત

ગાંધીનગર, તા.૨૯

જુના ખોરજ ગામમાં આવેલા એક રહેણાંક મકાનમાં તિજોરીની ચાવી બનાવવા માટે આવેલા બે ઠગબાજોએ ઘરમાં રહેલા સોના ચાંદીના દાગીના મહિલાની નજર ચુકવીને દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ તેજ કરી હતી. ત્યારે આ ચોરીનો ભેદ એલસીબી-૨ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખ્યો છે. એલસીબી-૨ પોલીસે કલોલ તાલુકા પંચાયત પાસેથી એક મહિલાની અટકાયત કરીને રૂ.૧,૦૧,૧૬૪ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર નજીક આવેલા જુના ખોરજ ગામના લુહાર વાસમાં રહેતા ઈમરાનખાન ફરીદખાન પઠાણના માતા ઝરીના બેન ગત તા. ૨૩ ફેબુઆરીના રોજ બપોરના સુમારે ઘરે હતા. ત્યારે ઘરમાં બે યુવકો તિજોરીની ચાવી બનાવવા માટે આવ્યા હતા. આ યુવકોએ મહિલાની નજર ચુકવીને સોનાના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ત્યારે ગાંધીનગર એલસીબી-૨ એ આ ચોરીનો ભેદ ઉકેલી કલોલમાંથી એક મહિલાની અટકાયત કરી છે. ગાંધીનગર એલસીબી પોલીસ મથકના પીએસઆઈ ડી.એસ.રાઓલની ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે સમયે અ.પો.કો. વિજયસિંહ અને રાજવીરસિંહને માહિતી મળી હતી જેને પગલે તાલુકા પંચાયત સામેથી ઈમરતકૌર અજીતસિંગ શ્રવણસીંગ સરદારજી (ઉં.વ.૩૬ રહે.બનાસનગર દિદારસીંગ સરદારના મકાનમાં દેવડા તલાવ, કલોલ)ને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી તેના હાથમાં રહેલી પ્લાસ્ટીકની થેલીમાં સોની બુટ્ટી કાનની શેર સાથે સોનાની વીટીં નંગ-૬ મળી કુલ રૂ. ૧,૦૧,૧૬૪ અને એક મોબાઈલ સહિતનો મુદ્દામાલ મળી આવતા આ અંગે આધાર પુરાવા માંગતા તે ગલ્લાતલ્લા કરવા લાગી હતી. જેથી મહિલાની ઉંડાણપૂર્વક તપાસ કરતા તેના પુત્ર તેજપાલસીગ અને ભત્રીજો સોનુસીંગે ખોરજ ગામમાંથી તિજોરીની ચાવી બનાવવા માટે ગયા હતા અને ત્યાંથી તિજોરીમાંથી દાગીનાની ચોરી કરી હતી. જયારે મહિલા દાગીના વેચાણ માટે બજારમાં ફરતી હતી. જેથી પોલીસે મહિલાની અટકાયત કરીને આગળની તપાસ શરુ કરી છે.



## અલ્ટો ઝાડ સાથે ટકરાઈ

શહેરના ગ માર્ગ પર અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. આજે બપોરના સુમારે અચાનક માર્ગ પરથી પસાર થઈ રહેલી અલ્ટો કાર નં. જી.જે.૧૮.બી.એચ.-૧૧૧૫ ના ચાલકે કાર પરનો કાબુ ગુમાવતા કાર ફ્રુટ ભરેલી ઉંટલારી સાથે ભટકાઈને સીધી ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી. કારમાં સવાર બે વ્યકિતઓમાંથી કોઈપણ ને ઈજા થઈ ન હતી. જો કે કારના આગળના ભાગનો ભુક્કો બોલાઈ ગયો હતો. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકોના ટોળા વળ્યા હતા.

## મંગળવારે મનસુખ વાઘેલાના ૭૧મા જન્મદિને તેમના પુસ્તકનું વિમોચન

સાહિત્યના તમામ સ્વરૂપોના સર્જક એવા મનસુખ વાઘેલાના ૭૧મા જન્મદિને આગામી તા. ૩જી માર્ચ મંગળવારના રોજ સાંજે ૬ કલાકે તેમના પુસ્તક 'હું જ માયથીકલ મેન'નું વિમોચન ગુજરાત રાજયના નિવૃત્ત પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરીના હસ્તે યોજાશે. આ કાર્યક્રમ અમદાવાદના રામદેવનગર વિસ્તારમાં મેરિયેટ હોટલ પાસેના મદનમોહન ચંપકલાલ સભાગૃહ-સદવિચાર પરિવાર સંકુલ ખાતે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે માધવ રામાનુજ, વી.એસ. ગઢવી, વૃંદાવન સોલંકી, અદિતીબેન વગેરે મહાનુભાવો તેમનું વકતવ્ય આપશે તથા નાટકના ૧૦ મિનિટના એક અંશનું પઠન કરવામાં આવશે.

# છાલા-કાનપુર માર્ગ પરથી વિદેશી દારૂ ઝડપાયો

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા છાલા-કાનપુર રોડ પરથી મહીન્દ્રા ઝાયલો ગાડીમાંથી વિદેશી દારુની ૨૮૮ બોટલ ચિલોડા પોલીસે પકડી પાડી છે. પોલીસે એક શખ્સની અટકાયત કરીને દારુ, ગાડી અને મોબાઈલ મળી કુલ રૂ.૨,૭૨,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પોલીસ મથકના પીઆઈ એચ. એ. જાડેજાના ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે હિંમતનગર થી અમદાવાદ તરફ ઝાયલો કાર નં જી.જે.૧૮.બી. બી.-૮૮૨૧ વિદેશી દારુ ભરીને જઈ રહી છે. જેથી પોલીસ જવાનોએ ચંદ્રાલા પાસે વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે સમયે બાતમીવાળી ગાડી આવતા ખાનગી ગાડીઓથી આડશ કરી ગાડી રોકવા માટે પ્રયત્ન કર્યો હતો પરંતુ ગાડી ઉભી રહી ન હતી. પોલીસે ગાડીનો પીછો કરી છાલા-કાનપુર માર્ગ પર ઉભી રખાવીને તપાસ કરતા તેમાંથી વિદેશી દારુની કુલ નંગ-૨૮૮ બોટલ જપ્ત કરી હતી.પોલીસે રૂ.૧.૫૦ લાખની ગાડી, ૨૮૮ નંગ દારુ કિં.રૂ.૧,૧૭, ૬૦૦, બે મોબાઈલ ફોન.રૂ.૫૦૦૦ મળીને કુલ રૂ. ૨,૭૨૬૦૦ નો મુદ્દામાલ સાથે ગાડીચાલક દિપ ભરતભાઈ વસાણી હાલ રહે. અમીન માર્ગ કેટીએમના શો રૂમ પાસે સતીશભાઈ પટેલના મકાનમાં ભાડેથી) ને પકડી પાડી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓનલાઈન જાહેર નિવિદા
મનરેગા તાલુકા પંચાયત કચેરી, થરાદ
(ફોન નં. ૦૨૭૩૭-૨૨૨૩૩૪, ૭૫૬૭૦૧૨૫૯૯)

પ્રોગ્રામ ઓફીસર (મનરેગા) -વ- તાલુકા વિકાસ અધિકારીશ્રી, થરાદ દ્વારા યોગ્યતા ધરાવતા સપ્લાયરો પાસેથી થરાદ તાલુકાના તમામ ગામોમાં મનરેગા યોજનાના બાંધકામને લગતા માલસામાન ખરીદ માટે ઓનલાઈન ટેન્ડર ભાવો મંગાવવામાં આવે છે. જે કામની વિગતો તા. ૨/૩/૨૦૨૦ પછીથી અત્રેની કચેરીના નોટીસબોર્ડ ઉપર તથા વેબસાઈટ www.nprocure.com તથા www.statetenders.com ઉપર જોવા મળશે. ટેન્ડર ઓનલાઈનની વિગતો આખરી ગણાશે. ટેન્ડર મંજુર / નામંજુર કરવાના અધિકારો સક્ષમ કક્ષાએથી અબાધિત રહેશે.

| | |
|---|---|
| ટેન્ડર ઓનલાઈન કરવાની તારીખ | તા. ૦૨/૩/૨૦૨૦ |
| ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | તા. ૧૩/૩/૨૦૨૦ |
| પ્રિ-બીડ મીટીંગ તારીખ | તા. ૦૫/૩/૨૦૨૦ |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | તા. ૨૩/૩/૨૦૨૦ |
| ડોક્યુમેન્ટ રજૂ કરવાની છેલ્લી તારીખ | તા. ૨૦/૩/૨૦૨૦ |

નં. નામાનિ/પાલન/૬૦૨/૨૦૧૯-૨૦૨૦

ગુજરાતની ઉત્તમથી સર્વોત્તમ તરફની આગેકૂચ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



ગુજરાતનું સર્વજન હિતાય, સર્વજન સુખાય બજેટ ૨૦૨૦

ખેડૂતો માટે મુખ્યમંત્રીશ્રીની ભેટ
દિનકર યોજના

ગુજરાતમાં ખેડૂતોને રાતે જાગીને પાણી–ખેતીની ચિંતા ન કરવી પડે તે બાબતે સુનિશ્ચિત કરવા માટે સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ દિવસ દરમ્યાન વીજ પૂરવઠો પૂરો પાડવા માટે દિનકર યોજના જાહેર કરી છે. ખેડૂતલક્ષી ગુજરાત સરકારે ખેડૂતના હિતોને કેન્દ્રમાં રાખીને આ નિર્ણય લીધો છે.

સ્કૂલ ઓફ એક્સલન્સ

સરકારી સ્કૂલોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે, આધુનિક શિક્ષણની વ્યવસ્થા જેમ કે સ્માર્ટ કલાસરૂમ, કમ્પ્યુટર લેબ, સ્ટેમ લેબ તથા રમતગમતની ઉચ્ચ વ્યવસ્થા સાથે ૫૦૦ સરકારી સ્કૂલોને સ્કૂલ ઓફ એક્સલન્સના રૂપમાં વિક્સાવવામાં આવશે.

આરોગ્યશીલ ગુજરાત માટે
અર્બન હેલ્થ સેન્ટર

આરોગ્યશીલ ગુજરાત માટે "અર્બન હેલ્થ સેન્ટર" દસ હજારની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર જેમાં M.B.B.S અથવા આયુષ ડૉક્ટર દ્વારા ઉચ્ચકક્ષાની આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવશે.

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના
મહિલા સશક્તિકરણનું નવું સોપાન

મહિલા સ્વયં સહાયતા સમૂહ જે પોતાના રોજગાર તથા સ્વરોજગારની તકો વધારવા રૂ.૧ લાખની લોન લેવા ઈચ્છે તો રાજ્ય સરકાર સંપૂર્ણ વ્યાજ ભરી તેમને 0% વ્યાજ પર લોન ઉપલબ્ધ કરાવશે.

ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન

રોજગાર માટે યુવાનો તૈયાર થાય અને ગુજરાતમાં સ્કિલ ઈકો સિસ્ટમ મજબૂત થાય તે હેતુ થી ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના

સ્માર્ટ ગુજરાતનું
સ્માર્ટ ટાઉન મિશન

નાગરિકો માટે સુવિધાઓ વિકસિત થાય તે હેતુંથી રાજ્યના શહેરો વચ્ચે સકારાત્મક સ્પર્ધાના આયોજન પાછળ રૂ.૧૦૦ કરોડ ફાળવવાનો નિર્ણય. સ્માર્ટ ટાઉન મિશન અંતર્ગત વર્ગ "અ" અને વર્ગ "બ" ના નગરપાલિકાઓ વચ્ચે સ્પર્ધાના માધ્યમથી વિકાસના કાર્યો માટે પસંદ કરેલ નગરપાલિકાને રૂ. ૨૦ કરોડ ફાળવવામાં આવશે.

હર ઘર જલ
દ્વારા પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ

નલ સે જલ અભિયાન હેઠળ ઘરે–ઘરે પીવાનું પાણી પહોંચાડવાના કામમાં ગુજરાત ૭૫% લક્ષ્ય પ્રાપ્ત કરીને ભારતમાં પ્રથમ ક્રમે છે. જલ જીવન મિશનનાં હર ઘર જલ અભિયાન અંતર્ગત આગામી બે વર્ષ એટલે કે ૨૦૨૨ સુધીમાં રાજ્યના બાકી રહેતા ૧૭ લાખ ઘરોમાં નળ જોડાણનું કામ પુરું કરાશે

માદરે વતન યોજના
તમારૂં દાન તેટલું જ સરકારનું યોગદાન

અનિવાસી ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં વસે છે અને તે પોતાના વતન માટે કઈક કરવાની ભાવના રાખે છે. ગામમાં વિવિધ વિકાસના કાર્યો અને સુવિધાઓને વિકસાવવા દાતાશ્રી દ્વારા આપવામાં આવતા દાનની રકમ જેટલી જ મેચિંગ રકમ રાજ્ય સરકાર દ્વારા ઉમેરવામાં આવશે

પ્રોટિન અને પોષણયુક્ત
ગુજરાત માટે તુવેરદાળ વિતરણ

ગુજરાતની જનતાને પ્રોટિન અને પોષણયુક્ત બનાવવા અનાજ વિતરણમાં પહેલીવાર તુવેરદાળનો સમાવેશ. લગભગ ૬૬ લાભાર્થી દીઠ વાર્ષિક ૧૨ કિલો તુવેરદાળનું રાહત દરે વિતરણ


વનબંધુઓનો વણથંભ્યો વિકાસ

ગુજરાત સરકારે છેલ્લા દસ વર્ષમાં વનબંધુઓના કલ્યાણ માટે રૂ.૯૦,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. વનબંધુ કલ્યાણ યોજનાથી આદિજાતિ વિસ્તારનાં લોકોના જીવનમાં નોંધપાત્ર સુધારા માટે રૂ.૧૪,૧૦૬ કરોડની જોગવાઈ હેઠળ શિક્ષણ, આરોગ્ય, માર્ગ પરિવહન, રોજગાર, વીજળી અને સ્વચ્છતા વિકાસના કાર્યોનો સમાવેશ

મહત્વનાં અન્ય મુદ્દાઓ

- ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતને ગાય દીઠ નિભાવ ખર્ચ પેટે વાર્ષિક રૂ.૧૦,૮૦૦ ની સહાય
- મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ગોડાઉન ઓનફાર્મ સ્ટોરેજ સ્ટ્રક્ચર બનાવવા માટે એકમ દીઠ રૂ.30,000 ની સહાય
- સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત ગુજરાત માટે રૂ.૫૬ કરોડની જોગવાઈ
- માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ.૧૦,૨૦૦ કરોડની જોગવાઈ. જેમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ.૨,૫૦૦ કરોડની જોગવાઈ
- સમાજ કલ્યાણ વિભાગને સોશિયલ સેક્ટરના વિકાસકાર્યો માટે રૂ.૪,૩૨૧ કરોડની ફાળવણી
- નર્મદા બંધ પરથી ચોમાસા દરમિયાન ઉપલબ્ધ થનાર વધારાના પાણી પૈકી, કચ્છને ૧ મિલીયન એકરફીટ પાણી પહોંચાડવાનું આયોજન છે
- "મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજના" હેઠળ દરેક પશુપાલકને તેમના એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ માટે કુલ ૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાય આપવામાં આવશે
- મા અમૃતમ, માં વાત્સલ્ય, આયુષ્યમાન ભારત યોજના માટે રૂ.૧,૫૫૫ કરોડની જોગવાઈ

Z INFO - 2019-20 (103)



નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

બજેટ ૨૦૨૦માં ગુજરાત સરકારએ સમાજના દરેક વર્ગના હિતો અને પ્રગતિનો વિચાર કર્યો છે. આ બજેટ ગુજરાતના વિકાસને ઉત્તમથી સર્વોત્તમની દિશા તરફ લઈ જશે.

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત